# હિસાબ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)


વંચાણે લીધો:- બ્રાંચ મેનેજરશ્રી, પી.એન્ડ જી.એસ., ભારતીય જીવન વિમા નિગમ, ગાંધીનગરનો તા.૦૧/૧૨/૨૦૧૪નો પત્ર.

**તા. ૦૧/૧૨/૨૦૧૪ થી નવા સભ્યો માટે નવી GSLI યોજના અમલમાં મુકવા બાબત......**

## -: પરિપત્ર :-

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે બચત સંકલીત સમુહ વીમા યોજના (GSLI) ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં માર્ચ-૧૯૮૯થી અમલમાં મુકવામાં આવેલ છે. હાલની GSLI યોજનામાં વિમા રક્ષણ તેમજ બચતની જોગવાઈ હતી, જે અન્વયે જો કર્મચારીનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થાય તો વીમાની રકમ તેમજ બચત રકમ ચૂકવવામાં આવતી હતી અને નિવૃત્તીના કિસ્સામાં બચત રકમ કર્મચારીને પરત ચૂકવવામાં આવતી હતી.

વંચાણે લીધેલ પત્ર મુજબ ભારતીય જીવન વિમા નિગમ ધ્વારા પ્રવર્તમાન જી.એસ.એલ.આઈ. યોજના બંધ કરેલ છે, જેમાં તા. ૩૦/૧૧/૨૦૧૪ સુધીમાં જોડાયેલ તેમજ જેઓની માસીક જી.એસ.એલ.આઇ. કપાત ચાલુ હોય તેવા તમામ સભ્યો માટે પ્રવર્તમાન યોજના ચાલુ રહેશે, જ્યારે તા.૦૧/૧૨/૨૦૧૪ થી નવા સભ્યો માટે નવી જી.એસ.એલ.આઈ. યોજના અમલમાં મુકવામાં આવેલ છે જેની જોગવાઈઓ નીચે મુજબ છે.

(૧) તા.૦૧/૧૨/૨૦૧૪ પછી નવા જોડાયેલ કર્મચારીઓ માટે નવી જુથ વિમા યોજના જાહેર કરી છે, સદર નવી જુથ વીમા યોજના અંતર્ગત જોડાવવા માંગતા કર્મચારીઓને માત્ર વીમા રક્ષણ જ આપવામાં આવશે, બચતની રકમનો હિસ્સો બંધ કરવામાં આવ્યો છે.

(૨) નવી જુથ વિમા યોજનામાં વીમા રકમ જી.એસ.એલ.આઈ. યોજનામાં આપવામાં આવતી વીમા રકમ જેટલી જ રહેશે, તેમજ પ્રીમીયમનો દર પણ તેટલો જ રહેશે. વિગતવાર માહિતી નીચે મુજબ છે :-

| Sr. No. | Designation | Class | Category | Premium Per Month (in Rs.) | Life Cover (in Rs.) |
|---|---|---|---|---|---|
| 1. | Professor, Associate Professor | Class-I | A | 162 | 3,50,000/- |
| 2. | Assistant Professor, Veterinary Officer, Executive Engineer, Accounts Officer, Office Superintendent | Class-II | B | 139 | 3,00,000/- |
| 3. | SRA, Supervisor, Assistant, Lab Tech., Jr./Sr./Head Clerk & All Class III employee | Class-III | C | 84 | 1,80,000/- |
| 4. | Peon & All Class IV emp. | Class-IV | D | 42 | 90,000/- |

... પાછળ

(૩) તા.૦૧/૧૨/૨૦૧૪ થી નવી જી.એસ.એલ.આઈ. યોજનામાં નવા સભ્યોનો ઉમેરો કરવા આવેલ અરજીઓ / દરખાસ્ત ભારતીય જીવન વિમા નિગમ, ગાંધીનગરને મોકલવામાં આવશે, ત્યાંથી મંજુરી મળ્યા બાદ નવા સભ્યો જોડાઇ શકશે.

(૪) નવી યોજનામાં ઓછામાં ઓછા ૨૫ સભ્યો થશે તો જ યોજના ચાલુ રહેશે.

આથી તા.૦૧/૧૨/૨૦૧૪ પછી નવા જોડાયેલા કર્મચારીઓ માટે અમલી નવી જી.એસ.એલ.આઈ. (GSLI) યોજનાની ઉક્ત જોગવાઇઓ દરેક નવા કર્મચારીએ ધ્યાને ઉપર લાવી સહી કરાવી સ્વૈચ્છાએ નવી યોજનામાં સભ્ય થવા માંગતા હોય તો તેમનું નામ, હોદ્દો, પગાર ધોરણ અને જન્મ તારીખ તેમજ નોકરીમાં દાખલ થયા તારીખ સહીતની દરખાસ્ત અત્રેની કચેરીને મોડામાં મોડી તા. ૩૦/૦૪/૨૦૧૫ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે તેમજ આવેલ અરજીઓ/દરખાસ્ત એલ.આઇ.સી. ગાંધીનગરને મોકલવામાં આવશે ત્યાંથી મંજુરી મળ્યાબાદ આપની કચેરીને તે અંગેની જાણ કરવામાં આવશે સદર યોજનામાં ઓછામાં ઓછા ૨૫ (પચ્ચીસ) સભ્યો થશે તો જ યોજના ચાલુ રહેશે અન્યથા દરેકની અરજીઓ પરત કરવામાં આવશે.

સદર બાબત આપની કચેરીના તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને અવશ્ય ધ્યાને લાવવાની રહેશે.

સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

હિસાબ નિયામક

નં. આકૃયુ/વવહિઅ/ ૧૦૧૩૮/૨૦૧૫
તારીખ: ૨૩/૦૩/૨૦૧૫

નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ થવા સારૂ.
(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ થવા સારૂ.
(૩) અંગત મદદનીશ, હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.

નકલ સવિનય રવાના :-

(૧) વહીવટી-વ-હિસાબી અધિકારી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા અમલ સારૂ.
(૨) બ્રાંચ મેનેજરશ્રી, પી.એન્ડ જી.એસ., ભારતીય જીવન વિમા નિગમ, "જીવન પ્રકાશ", ૩જો માળ, નવા ટેલીફોન એક્ષચેન્જ પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર તરફ જાણ સારૂ.